
# સમસ્યાનું સગવડતા સાથેનું સમાધાન એટલે સ્ટાર્ટ-અપ





ગાંધીનગર, તા. ૬

ઈનોવેશનને ઔદ્યોગિક ક્ષેત્રે પૂરતું સીમિત ન રાખવું જોઈએ, પણ સમાજમાં રહેલી અનેક સમસ્યાઓના સુખદ ઉકેલની દિશામાં પણ ઈનાવેશનનું કાર્ય થવું જોઈએ, તેવું આજરોજ ભાટ નજીક આવેલી ઈ.ડી.આઈ.માં શરૂ થયેલ બે દિવસીય સ્ટુડન્ટ ઈનોવેશન, સ્ટાર્ટઅપ્સ અને ઈકોસિસ્ટમ પર SSIP ના વાર્ષિક પરિસંવાદનો આરંભ કરાવતા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

સમસ્યાનું સગવડતા સાથેનું સમાધાન એટલે સ્ટાર્ટ-અપ તેવું કહી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આજે સમાજમાં કોઈ પણ ક્ષેત્રે સમસ્યાઓ છે, આવી અનેક સમસ્યાઓનો સુખદ હલ કરવા માટે નવીન વિચારો ખૂબ જરૂરી છે. રાજયના મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંઘે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય વિકાસ માટે રાષ્ટ્રના યુવાનોને યોગ્ય તક અને બળ મળી રહી તે ખૂબ જરૂરી છે. સર્વિસ સેકટર, મોટી ખાનગી કંપનીઓ અને અન્ય ક્ષેત્રોમાં રોજગારી આપવાની એક મર્યાદા છે. જેથી યુવાનોને રોજગારી મેળવવા કરતાં રોજગારી આપી શકે તેવા બનાવવા માટેની દિશામાં આગળ વધવું ખૂબ જરૂરી છે. આ દિશામાં સરકાર સુચારું આયોજન કરીને અનેક કાર્યક્રમો અને સહાયકારી યોજનાઓ અમલી બનાવી છે. જે યુવાનોને પોતાના ઉધોગ-રોજગાર અને ઈનોવેશનને આગળ લઈ જવા માટે મદદગાર બની રહ્યાં છે. તેમજ સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસીનો હેતુ યુવા વિધાર્થીઓના નવીનતાઓ અને વિચારોને ટેકો આપવા અને તેમની સર્જનાત્મકતા અનુસરવાના મહત્તમ ઉપયોગ માટે અનુકૂળ વાતાવરણ પુરૂં પાડવા માટે એક સંકલિત, રાજયવ્યાપી, યુનિવર્સિટી આધારિત નવીનતા ઈકોસિસ્ટમ બનાવવાનો છે.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માએ જણાવ્યું હતું કે, આ પરિસંવાદ યોજવા પાછળનો મુખ્ય આશય શૈક્ષણિક સંશોધકો, વ્યાવસાયિકો અને અન્ય લોકોને સ્ટાર્ટ અપ અને ઈનોવેશનના વિચારો અંગેના તેમના સંશોધનો રજૂ કરવા માટેનું પ્લેટફોર્મ આપવાનો છે. આ પરિસંવાદમાં સમગ્ર દેશ માંથી ૧૫૫ સ્ટાર્ટ અપ્સ અને ૧૧૮ યુવાન સંશોધકો સાથે ૧૮ શૈક્ષણિક સંસ્થાઓ, ૯ યુનિવર્સિટીઓ અને ૭૯ સેન્ટર આ પરિસંવાદમાં ભાગ લીધો છે. તેમાંથી ૩ સંસ્થાઓ, ૩ યુનિવર્સિટીઓ અને ૧૦ સેન્ટરને SSIP પ્રસંશા એવોર્ડસ આપવામાં આવ્યા હતા. બે દિવસીય પરિસંવાદમાં સંશોધનકર્તા, વિધાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, પ્રોફેશનલ્સ અને રોકણકારો સહિત ૫૫૦ થી વધુ ભાગીદારો ઉપસ્થિત રહેવાના છે. પરિસંવાદમાં Axilro Ventures ના ચેરમેન શ્રી ક્રિસ ગોપાલકિષ્નન અને AICTE ના ચેરમેન શ્રી પ્રોફેસર અનિલ સહસ્ત્રબુદ્ધેએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

આ પરિસંવાદના પ્રથમ દિવસે મોબાઈલ આધારિત એટેન્ડન્સ સિસ્ટમનો પ્રારંભ SSIP પ્રસંશા એવોર્ડસ અને સ્ટાર્ડઅપ પ્રદર્શનનું પણ આયોજન કરાયું હતું. તે ઉપરાંત "Developing roadmap fro Gujarat Innovation Hub" & "Funding fro startups in Gujarat" પર પણ રાઉન્ડ ટેબલ ચર્ચા યોજાઈ હતી. "Opprotunity and Challenges in developing a wrold class innovation and startup ecosystem in India" & "Entrepreneurial Ecosystem/Venture Financing & Startup Financing" પર ચર્ચા કરવામાં આવી હતી. આ પરિસંવાદના આરંભ સમારંભમાં શિક્ષણ રાજય મંત્રી વિભાવરીબેન દવે, ટેકનિકલ શિક્ષણ કમિશનર અવંતિકા સિંઘ સહિત દેશના વિવિધ રાજયના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



દિલીપભાઈ રમેશચંદ્ર રાવલ
વાસ્તુશાસ્ત્રી
મો. ૯૮૨૪૬ ૧૮૯૫૧



સમય સ્વામી
મો. ૭૦૧૯૬ ૦૫૭૯૬



ચિરાગ હસમુખભાઈ ઠાકોર

# ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ ઓલિમ્પીયાડમાં દર્શાવી પ્રતિભા

ગાંધીનગર, તા. ૬

વિશ્વના સૌથી મોટા ઓલિમ્પીયાડ, સાયન્સ ઓલિમ્પીયાડ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ ઓલિમ્પીયાડ ૨૦૧૮-૧૯માં ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ રેંક મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. ઓલીમ્પીયાડ પરીક્ષા ૨૦૧૮-૧૯માં ત્રીસ દેશના ૧૪૦૦ શહેરોથી ૫૦૦૦૦ સ્કુલોના ૫૦ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગર શહેરના લગભગ ૩૨ હજાર વિદ્યાર્થીઓએ આ ઓલિમ્પીયાડમાં ભાગ લીધો હતો. ગાંધીનગરની કોલોનેલ હેરિટેઝ સ્કૂલની ધોરણ એકના વિદ્યાર્થી હર્ષલ પાટિલએ નેશનલ સાઈબર ઓલિમ્પીયાડમાં ઈન્ટરનેશનલ રેન્ક એક પ્રાપ્ત કરતાં ગોલ્ડ મેડલ, ૫૦ હજાર રોકમ ઈનામ તથા ઓઉટસ્ટેન્ડિંગ પર્ફોર્મેન્સ પ્રમાણપત્રથી સમ્માનિત કરવામાં આવ્યાં હતાં.

સાયન્સ ઓલિમ્પીયાડ ફાઉન્ડેશન(એસઓએફ) એ કાર્યક્રમનું આયોજન આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર (ઓડિટોરિયમ)માં આયોજિત ૧૮૦ ઈન્ટરનેશનલ રેન્ક મેળવનાર વિદ્યાર્થીઓ એવોર્ડ્સથી સમ્માનિત કરવામાં આવ્યા. કરનાર ૬૦ વિદ્યાર્થીઓને ૨૫-૨૫ હજાર રોકડ, સિલ્વર મેડલ તથા પ્રમાણપત્ર, અને રેન્ક ત્રીજો



રાજધાની દિલ્હીમાં ૨૦૧૮-૧૯માં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા વાળા ઈન્ટરનેશલ ઓલિમ્પીયાડના વિજેતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સમ્માનિત કરવામાં આવ્યા, કરવામાં આવ્યું હતું. આ અવસર પર પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા જજ દીપક મિશ્રા હાજર હતા.

આ એવોર્ડ્સ કાર્યક્રમમાં કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર ઈન્ટરનેશનલ રેન્ક એક પ્રાપ્ત કરનાર ૬૦ વિદ્યાર્થીઓને ૫૦-૫૦ હજાર રોકડ, ગોલ્ડ મેડલ તેમજ પ્રમાણપત્ર, રેન્ક બીજો પ્રાપ્ત પ્રાપ્ત કરનાર ૬૦ વિદ્યાર્થીઓને ૧૦-૧૦ હજાર રોકડ, બ્રોન્જ મેડલ તથા પ્રમાણપત્રથી સમ્માનિત કરવામાં આવ્યાં હતા.

જજ દીપક મિશ્રાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું કે જીવનમાં સૌથી જરૂરી છે સાહસ, કેટલી પણ તકલીફ આવે, પરિસ્થિતિ કેવી પણ હોય હિમ્મત અને સાહસ રહેશે તો મગજ કામ કરશે, ખરેખર ડર હોતો નથી, નકારાત્મક વિચાર વિકાસમાં અવરોધ, એક સારાં નેતાની ઓળખ, લોકો પોતે તેમની સાથે ચાલે છે અને તેમને સાંભળવાની આદત પાડો.

સાયન્સ ઓલિમ્પીયાડ ફાઉન્ડેશન છ ઓલિમ્પીયાડ પરીક્ષાનું આયોજન કરે છે જેમાં નેશનલ સાયન્સ ઓલિમ્પીયાડ, નેશનલ સાઈબર ઓલિમ્પીયાડ, ઈન્ટરનેશનલ ગણિત ઓલિમ્પીયાડ, ઈન્ટરનેશનલ ઈંગ્લિશ ઓલિમ્પીયાડ, ઈન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલિમ્પીયાડ અને ઈન્ટરનેશનલ કંપની સેક્રેટરીઝ ઓલિમ્પીયાડનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકાર દ્વારા લેવાયો મહત્વનો નિર્ણય

# શાળાઓમાં નવરાત્રી વેકેશન રદ કરાયું

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે જેમાં શાળાઓમાં આપવામાં આવતા નવરાત્રી વેકેશનને રદ કરવામાં આવ્યો છે. સરકારે ગત વર્ષથી જ શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવાની શરૂઆત કરી હતી. સરકારના આ નિર્ણયનો ભારે વિરોધ થયો હતો.

આ વર્ષે પણ રાજયની અનેક શાળાઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો જેને ધ્યાનમાં લઈને સરકારે શાળામાં નવરાત્રી વેકેશન રદ કરવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે રાજય સરકારની કેબિનેટની બેઠક યોજાયી હતી અને આ બેઠકમાં વેકેશન રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૫૦મો મણકો ॥

### ૧૨૧ - સિંહ કે શિયાળ ?

શહીદ સુહરાવર્દી ગાંધીજીનું દૃષ્ટિબિંદુ સમજાવવા માટે જનાબ ઝીણાને એક વાર મળવા ગયા હતા. ત્યાંથીઆવ્યા પછી તે ગાંધીજી પાસે પોતાનો હેવાલ રજૂ કરવા આવ્યા. તેમને જોઈ ગાંધીજીએ પૂછ્યું, કેમ, તમે કેવી રીતે પાછા વળ્યા ? વનના રાજા સિંહ કે શિયાળ તરીકે ?

સુહરાવર્દીએ પણ વિનોદી જવાબ આપતાં કહ્યું, સાહેબ. ઉંદર તરીકે હું પાછો ફર્યો છું. ઉંદર ઘણું ડાહ્યું પ્રાણી છે. ગાંધીજીએ સિંહ-ઉંદરની પ્રચલિત વાતોમાંથી એક કહીને ઉમેર્યું, તમે જાણો છો કે એ કપટી મુછાળો તો દગાખોર પ્રામી છે. તમે ઉંઘતા હો ત્યારે ખબર ન પડે તે રીતે તે કરડે છે. જ્યારે લોહી નીકળે ત્યારે જ તેની હાજરીની ખબર પડે. એવી રીતે તમે વર્તવા ઈચ્છો છો કે શું ?

તરત જ તેમણે જવાબ આપ્યો, સાહેબ. તમે બધું જાણો છો. હું શું કરી શકું ?

ઘણી જ ગંભીર વાતોની શરૂઆત પણ ગાંધીજીએ આમ વિનોદથી જ કરી !

### ૧૧૨ - ગરાસિયો વેઠે પકડાયો

ભાવનગરના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી સાથે ગાંધીજીને ઘણો સારો સંબંધ હતો. એક વાર ગાંધીજી તેમને ગૂજરાત વિદ્યાપીઠમાં લઈ આવ્યા અને વિદ્યાર્થીઓ સમક્ષ તેમની ઓળખાણ આપી કહ્યું,

આજે ગરાસિયો વેઠે પકડાયો છે. શ્રી પટ્ટણીજી કાબેલ રાજપુરુષ હતા. તેમણે મહાત્માજીના પોતે અનુયાયી હોવાનો એકરાર કરીને જણાવ્યું કે, આ સંત પુરુષ વારે વારે તમારી પાસે આવે છે એથી મને તમારી અદેખાઈ આવે છે. અને કાકાસાહેબ રજા આપે તો આવો લહાવો લેવા તમારી જોડે ભણવાય બેસું.

એ સાંભળી ગાંધીજી બોલ્યા, આ ડોસાની ધોળી દાઢી એવી છે કે એમાં ભલભલા ભૂલા પડી જાય. માટે જોજો, આને અહીં દાખલ ન કરતા.

વિદ્યાર્થીઓની સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું અને પટ્ટણીજી અને ગાંધીજી પણ ખૂબ હસ્યા.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# ગુજરાત નૌસેના દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૬

ગુજરાત નૌસેના ક્ષેત્રના નેવલ બેઝ, પોરબંદર અને ઓખામાં ૦૫ જુન ૧૯ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણ દિવસના ભાગરૂપે ગુજરાત નૌસેના ક્ષેત્ર હેઠળ વિવિધ એકમોમાં નૌસેના અને ડીએસસી કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ દરમિયાન દરેકને પાણી અને વિજળીના સંરક્ષણ વિશે જાણકારી આપવામાં આવી હતી. કર્મચારીઓને ચિંતાજનક દરથી વાતાવરણને દુષિત કરતા માનવ નિર્મિત કેમિકલ્સની આપણા ગ્રહની આબોહવા પર પડતી અસર વિશે સંવેદના કરવામાં આવી હતી.

વર્લ્ડ એન્વાયર્નમેન્ટ ડે ઉજવણીના ભાગ રૂપે બંદર વિસ્તાર/વોટરફ્રન્ટ, સામાન્ય વિસ્તારો, ખુલ્લી જગ્યાઓ અને બગીચાઓની સાફ સફાઈ માટે એક સામૂહિક સફાઈ અભિયાન પણ યોજવામાં આવ્યું હતું. પોરબંદર અને ઓખામાં નેવલ બેઝ ખાતે યોજાયેલા પીયુસી કેમ્પમાં વાહનોની પીયુસી તપાસ પણ હાથ ધરવામાં આવી હતી.

# સમાજનિર્માણમાં શિક્ષિત વ્યક્તિની ભૂમિકા મહત્ત્વની છે

ગાંધીનગર, તા. ૬

દિલ્હી સ્થિત 'શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ' અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગણપત યુનિવર્સિટી ખાતે એક ત્રિદિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહમાં રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી, મહેસાણા સાંસદ શારદાબેન પટેલ, શિક્ષા સંસ્કૃતિ ન્યાસના સચિવ અતુલભાઈ કોઠારી, યુજીસીના અધિક સચિવ ડૉ. પંકજ મિત્તલ્ ને ગણપત યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ પ્રૉ. ડૉ. મહેન્દ્ર શર્મા સહિત દેશભરમાંથી પધારેલા અનેક ચુનંદા કેળવણીકાર, પ્રાધ્યાપકો, શિક્ષકો, ટ્રસ્ટીઓ, આમંત્રિત મહેમાનો અને ૨૦૦ જેટલા શિબિરાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યશાળાના આયોજનની જવાબદારી શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના પ્રાન્ત સંયોજક ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને ગણપત યુનિવર્સિટીના કુલ સચિવ ડૉ. અમિત પટેલે નિભાવી હતી.

કાર્યશાળાના ઉદ્‌ઘાટન સમારોહમાં રાજ્યપાલે શિક્ષણ કેવું હોવું જોઈએ એ વિષે બોલતાં જણાવ્યું હતું કે સમાજના નિર્માણમાં શિક્ષિત વ્યક્તિની ભૂમિકા મહત્ત્વની છે એટલે માણસમાં જ્ઞાન સાથે સંવેદનશીલતાનો ગુણ પણ હશે તો જ સમાજનું સાચું ઘડતર થઈ શકશે.

અતુલભાઈ કોઠારીએ



જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ, પ્રગતિ અને પ્રકૃતિને અનુરૂપ શિક્ષણ માટે ન્યાસ સતત પ્રવૃત્તિશીલ છે અને આ ઉદ્દેશને પાર પાડવા માટે દીનાનાથ બત્રાના નેતૃત્વ હેઠળ 'દેશકો બદલના હૈ તો શિક્ષાકો બદલના હોગા'ના સૂત્ર સાથે ન્યાસ કાર્યરત થયું છે.

યુજીસીના અધિક સચિવ ડૉ. પંકજ મિત્તલે યુજીસી દ્વારા રજૂ થયેલી નવી શિક્ષણ નીતિના ડ્રાફ્ટમાં સમાવિષ્ટ વિવિધ મુદ્દાઓની સંક્ષિપ્તમાં ચર્ચા કરી ઉપસ્થિત વિદ્વાનોને નીતિનો અભ્યાસ કરી સૂચનો કરવા માટે આહ્‌વાન કર્યું હતું. એમણે એ વાતનો પણ આનંદ વ્યક્ત કર્યો હતો કે ન્યાસના શિક્ષણ વિષયક વિચારોમાંથી ૬૦ ટકા જેટલાંનો તો આ નીતિમાં સમાવેશ થઈ જાય છે.

આ રાષ્ટ્રીય કાર્યશાળામાં ભારતના ૨૪ પ્રાંતોમાંથી ૨૩૦ જેટલાં વિવિધ શૈક્ષણિક યોગ્યતા ધરાવતા અને નવી શિક્ષણ પ્રણાલી વિશે નિસબત ધરાવતા-ચિંતા કરતા લોકોએ સહભાગી બની શૈક્ષણિક ચર્ચા-વિચારમા અને વિચાર-વિમર્શ કર્યા હતા. સમગ્ર કાર્યશાળાને અલગ અલગ દસ સત્રોમાં વિભાજિત કરવામાં આવી હતી, જેમાં ગત વર્ષ દરમિયાન ન્યાસ દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ થવા ઉપરાંત ન્યાસ જે જે વિષયોને લક્ષ તરીકે સામે રાખી કામ કરે છે, તેના ઉપર વિવિધ વિદ્વાનો અને શિબિરાર્થીઓએ ચિંતન-મનન કર્યું હતું, જેમાં વિદ્યાર્થીના ચારિત્ર્ય નિર્માતા, વૈદિક ગણિત, ભારતીય ભાષા અભિયાન (માતૃભાષામાં શિક્ષણની હિમાયત), પર્યાવરણ શિક્ષા, મેનેજમેન્ટ શિક્ષણમાં ભારતીય દૃષ્ટિ, ટેકનિકલ એજ્યુકેશન, ઈતિહાસ, સ્કોલર્સ, શિક્ષણમાં સ્વાયત્તતા, શિક્ષા સ્વાસ્થ્ય ન્યાસ, ટીચર્ચ એજ્યુકેશન અને શિક્ષણમાં નવા વિકલ્પો જેવાં બહુ જ અગત્યના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

કોઈ એક અવસર ઉપર ભાગ્યે જ આટલાં બધાં શિક્ષણવિદોનો સુભગ મેળાપ થતો હશે અને જ્ઞાનગોષ્ઠિ થતી હશે. આ અવસરે ગમપતિ યુનિવર્સિટીના પરિસર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કાર્યશાળામાં રાજ્યપાલ ઉપરાંત ઈગ્નુના કુલપતિ નાગેશ્વર રાવ, આઈઆઈઆઈટી-પૂનાના ડિરેક્ટર અનુપમ શુક્લ, આઈઆઈઆઈટી-ચિત્તુરના ડિરેક્ટર ગણેશમ્ કન્નિવરમ, ચૌધરી બંસીલાલ યુનિવર્સિટીના કુલપતિ આર કે મિત્તલ, સાગર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બળવંત જાની, યુજીસીના સચિવ ડૉ. રજનીશ જૈન, યુજીસીના અધિક સચિવ ડૉ. પંકજ મિત્તલ, એનસીપીસીઆરના ચેરમેન પ્રિયાંક કાનુનગો, એનસીઈઆરટીના સચિવ મેજર હર્ષ કુમાર, કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના ઉપાયુક્ત ડી ટી એસ રાવ, ગણપત યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ પ્રા. ડૉ. મહેન્દ્ર શર્મા, ગુજરાત પીએસસીના ચેરમેન દિનેશ દાસા, સ્વામી વિવેકાનંદ યુનિવર્સિટીના કુલપતિ અજય તિવારી અને ચાણક્ય આઈએએસ એકેડેમીના ચેરમેન અરૂણકુમાર મિશ્રા સહિત અનેક બૌદ્ધિકોનો સમાવેશ થાય છે. કાર્યશાળાના સમાપન સમારોહમાં શિબિરાર્થીઓએ પોતાના અનુભવો અભિવ્યક્ત કર્યા હતા. રજિસ્ટ્રાર ડૉ. અમિતભાઈએ આભાર દર્શન કર્યું હતું.